જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૩/૦૪/૨૦૧૬ રવિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૬૧૬/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૨ કેસ કરી, ૧૮ વ્યક્તિઓને ઝડપી ૨૧૨ લીટર દેશી દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૦૨ કેસ કરી ૦૫ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૫૦૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૬૧૭/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૫૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૦ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**અપહરણની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૬૧૮/૧૬**

**સરદારનગર** : અક્ષીતાબહેન ડો/ઓ મનોજભાઇ ગારંગે (ઉ.વ.૧૬)(રહે.ફ્રી કોલોની, કુલવાળી ગલી, છારાનગર, સરદારનગર) ને તા.૧૧/૩/૧૬ બપોરનાં ૨/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી આરોપી વિજય બાબુભાઇ મારવાડી (રહે.સંતોષીનગર, કુબેરનગર) લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઇરાદે ભગાડી લઇ ગયો છે. આ અંગેની ફરીયાદ અક્ષીતાબહેનની માતા ભાવનાબહેન ગારંગે એ તા.૨/૪/૧૬ નારોજ સરદારનગર પો.સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી.આર.પટેલ ચલાવે છે.

**ઘરફોડ :-** **સમાચાર યાદી નં.૬૧૯/૧૬**

**સરખેજ** : હિરેનભાઇ બળવંતભાઇ પંચાલ (રહે.આર્યવીલા યોગેશ્વર કુટીર પાસે, આનંદ પાર્ટી પ્લોટ રોડ, રાણીપ) એ તા.૨/૪/૧૬ નારોજ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૯/૩/૧૬ સાંજનાં ૫/૩૦ થી તા.૩૦/૩/૧૬ સવારનાં ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન સરખેજ સાણંદ સર્કલ નજીક પ્લોટ નં.૭ માં આવેલ પોતાના ગોડાઉનનાં બારીનાં કાચ તોડી, અજાણી વ્યક્તિ ગોડાઉનમાં પ્રવેશ કરી, ટુવ્હીલર બેટરી નંગ-૫૦ તથા ફોરવ્હીલ લાઇનર નંગ-૧૫૦ મળી કુલ કિંમત રૂપિયા ૪૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.એસ.ઇસરાની ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**ચોરી :-** **સમાચાર યાદી નં.૬૨૦/૧૬**

**વસ્ત્રાપુર** : ભારતીબેન W/O નવનીતલાલ સોલંકી (રહે,નીલકંઠ મકાન, જીમખાના રોડ, જુના જગનાથ પ્લોટ, રાજકોટ) એ તા.૨/૪/૧૬ નારોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૬/૨/૧૬ બપોરનાં ૩/૩૦ થી ૩/૪૫ વાગ્યા દરમ્યાન અંજલી ચાર રસ્તાથી અંધજન મંડળ ચાર રસ્તા સુધીની BRTS બસની મુસાફરી દરમ્યાન, અજાણી વ્યક્તિ ભારતીબહેનની નજર ચુકવી તેમનાં પર્સમાં રહેલ સોનાના દાગીના તથા રોકડા રૂપિયા ૧,૦૦૦/- મળી કુલ રૂપિયા ૨,૬૦,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી જયંતીલાલ મણીલાલ ચલાવે છે.

**સોનાની ચેઇન ખેંચી તોડી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૬૨૧/૧૬**

**વાડજ** : નયનાબહેન અનીલભાઇ પટેલ (ઉ.વ.૫૨)(રહે,મેઘાવી ફ્લેટ, અર્બન હેલ્થ સેન્ટર સામે, નવા વાડજ) એ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨/૪/૧૬ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે નવા વાડજ વ્યાસવાડી ચાર રસ્તા, જય જલારામ સોસાયટીનાં ગેટ નજીકથી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક વાદળી રંગનાં પલ્સર મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ (૨૫ થી ૩૦ વર્ષના આશરાના) નયનાબહેનનાં ગળામાંથી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૨૦,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.બી.બુબડીયા ચલાવે છે.

**મણીનગર** : ઉમાબહેન ચંદનભાઇ કુરૂપ (ઉ.વ.૬૧)(રહે,શ્ર્વેતા ફ્લેટ, ગંગામૈયા સોસાયટી સામે, સુભાષચોક હાટકેશ્ર્વર રોડ, અમરાઇવાડી) એ તા.૨/૪/૧૬ નારોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩૧/૩/૧૬ રાતના ૮/૧૫ વાગ્યાના સુમારે મણીનગર એલ.જી.કોર્નર હેવમોર રેસ્ટોરન્ટ સામેથી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ (૨૦ થી ૨૫ વર્ષના આશરાના) ઉમાબહેનનાં ગળામાંથી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૪૮,૮૧૩/- ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એમ.તેજોત ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૬૨૨/૧૬**

**રીવરફ્રંટ ઇસ્ટઃ** હર્ષદ અંબાલાલ વાઘેલા (ઉ.વ.૪૩)(રહે, ગાંધી દર્શન સોસાયટી, રાણીપ) એ કોઇ અગમ્ય કારણસર તા.૨/૪/૧૬ ના કલાક ૯/૫૦ વાગ્યા પહેલાં કોઇપણ સમયે સુભાષબ્રીજ નીચે, સાબરમતી રીવરફ્રંટ નજીક નદીમાં ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રંટ ઇસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી, આ અંગેની તપાસ હે.કો.શ્રી રમણભાઈ ગણપતભાઈ ચલાવે છે.

**શાહપુર** : ગુલામનબી ગુલાબભાઇ શેખ (ઉ.વ.૬૭) (રહે.બાપુ અગરબત્તી ની સામે, ખાનપુર ચકલા, શાહપુર) એ પોતાની ટી.બી અને બી.પી.ની બીમારીથી કંટાળી જઇ તા.૨/૪/૧૬ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે એસીડ પી લેતાં, સારવાર અર્થે તેમને વા.સા.હોસ્પીટલમાં દાખલ કરેલ હતા. જ્યાં સારવાર દરમ્યાન સાંજનાં ૬/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે શાહપુર પોલીસે અકસ્માત મોત નોંધી, આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એન.એચ.સવસેટા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**ચાંદખેડા : (૧)** કવિતા જશપાલસિંગ ભંડાળ (ઉ.વ.૪૧) (રહે.માલીની પાર્ક, ચાંદખેડા) એ પુત્રીની ફી ભરવા બાબતે તેમનાં પતિ સાથે સામાન્ય બોલાચાલી થતાં, મનમાં લાગી આવતાં તા.૨૬/૩/૧૬ બપોરના ૧/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે ધાબા ઉપર જઇ, કેરોસીન છાંટી સળગી જતાં, સારવાર અર્થે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરેલ હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨/૪/૧૬ સવારનાં ૫/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોંધી, આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એમ.વાઢેર ચલાવે છે.

**(૨)** રાકેશ ડાહ્યાભાઇ જાદવ (ઉ.વ.૨૪) (રહે.કૃણાલ પાર્ક સોસાયટી, ચાંદખેડા) એ કોઇ અગમ્ય કારણસર તા.૨/૪/૧૬ બપોરના ૧૨/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોંધી, આ અંગેની તપાસ હે.કો.શ્રી ભરતભાઇ મણીલાલ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)